ગાંધીનગર સમાચાર

બીબીએ કોલેજમાં રાજયકક્ષાનો 'આયના' સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સવારે ૯.૪૫ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે અર્ક વ્યાખ્યાન માળા અંતર્ગત 'જીવનનો અભિગમ' વિષય ઉપર ડૉ. આઈ.કે. વીજળીવાળા વકતવ્ય આપશે.

● વિસનગરા નાગર પરિવાર દ્વારા બપોરના ૩.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન સે-૧૭ ઈજનેરી સ્ટાફ ટ્રેનીંગ કોલેજ હોલ ખાતે ૨૨મો સ્નેહમિલન સમારોહ યોજાશે.

● ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સાંજના ૫.૦૦ કલાકે સે-૨૧ નમન એપાર્ટમેન્ટ ખાતે 'સર્જકની કેફિયત'નો કાર્યક્રમ યોજાશે.

● ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સાંજના ૪ થી ૭ કલાક દરમિયાન નાગરાજ ફાર્મ, કુડાસણ ખાતે સ્નેહમિલન સમારંભ યોજાશે.

● રાજપૂત સમાજ દ્વારા સવારે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન સેકટર-૨૨ રાજપૂત સમાજ ભવન ખાતે નિઃશુલ્ક પણે યોગાસન શિબિર યોજાશે.

● દિવ્ય જીવન સંઘ તથા ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે સવારે ૭ થી ૮.૧૫ કલાક દરમિયાન સે-૧, ગાયત્રી શકિતપીઠ ખાતે યોગ-ધ્યાન શિબિર યોજાશે.

● ભાટ મુકામે નારાયણી હાઈટસ ખાતે સવારે ૯ કલાકે પજામા પાર્ટી યોજાશે.

● માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના પ્રારંભે આર.ટી.ઓ. કચેરી ખાતેથી સવારે ૧૦.૩૦ કલાકે ટ્રાફિક નિયમનની બાઈક રેલી યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# ક-૭ પાસેના મસાલા ભંડારનો ચોર પકડાયો

## રાંધેજાના શખ્સે રૂ. ૩૫ હજારની ચોરી કરી હોવાનું ખુલ્યુ : એક બાઈક ચોરીની પણ કબુલાત કરી



ગાંધીનગર, તા.૯

થોડા દિવસો અગાઉ ક-૭ સર્કલ પાસે મરચા મસાલા ભંડારના ગલ્લાને ટાર્ગેટ બનાવી ચોર રૂ. ૩૫ હજાર રોકડા ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ગાંધીનગર એલસીબીની ટીમે ચોકકસ બાતમીને આધારે રાંધેજાના એક શખ્સને પકડી સઘન પુછપરછ કરતાં તેણે ચોરીની કબુલાત કરી લીધી હતી તે ઉપરાંત એક બાઈક ચોરીની પણ કબુલાત તેણે કરી છે. આરોપીની ધરપકડ કરીને સઘન પુછતાછ હાથ ધરવામાં આવી છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ એચ.કે. સોલંકી તથા હે.કો. રાજેન્દ્રસિંહ સુરેશકુમાર, રણજીતસિંહ અને પો.કો. ભૌમિકકુમાર સહીતના માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે ક-૭ સર્કલ પાસેના ઓમ આનંદ મસાલાની દુકાનમાં ગલ્લો તોડીને તેમાંથી રૂ. ૩૫ હજાર રોકડની ચોરી તથા રાંધેજા ગામેથી બાઈકની ચોરી કરનાર શખ્સ રાંધેજાનો પ્રકાશ ઉર્ફે કાળીયો બલરાજ પરમાર છે જેને આધારે એલસીબીની પેટ્રોલીંગમાં રહેલી ટીમે રાંધેજા ચોકડી પાસેથી તેને પકડી પાડયો હતો અને કડક પુછતાછ કરતા ક-૭ની ઘરફોડ ચોરી અને બાઈક ચોરી બંને ગુનાઓની કબુલાત પ્રકાશ ઉર્ફે મળીયો પરમારે કરી લેતા પોલીસે તેની ધરપકડ કરી ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.

## વાતવાતમાં

● ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડીટોરિયમ ખાતે યોજાયેલ જાહેર આરોગ્ય અંગેની ત્રિદિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સનું શનિવારે સમાપન થયું હતું. આ પરિસંવાદમાં ૫૦૦થી વધુ આરોગ્ય વિશેષજ્ઞો તથા તજજ્ઞોએ પોતાના સંશોધનપત્ર રજુ કર્યા હતા.

● ગાંધીનગરમાં સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસની કચેરી ખાતે ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં પોલીસ તંત્ર દ્વારા વર્ષ દરમિયાન ચોપડે નોંધાયેલ ગુનાખોરી, ગુનેગારોની ઓળખ અને પોલીસની કામગીરી અંગે વિસ્તૃત સમીક્ષા હાથ ધરાઈ હતી.

● વાવોલમાં કેટલાક દિવસથી ફરી વીજ ધાંધિયાએ જોર પકડયું છે. છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ વાર લાંબા સમય માટે વીજ પુરવઠો ખોરવાતા નાગરિકોમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે.

● ઉત્તર ગુજરાત વીજ કંપનીની ઓફિસે બિલ કલેકશન માટે ખાનગી કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે.ખાનગી કોન્ટ્રાકટર હોવા છતાં દર બીજા અને ચોથા શનિવારે સરકારી કાર્યાલયની જેમ જ બિલ કલેકશન સેન્ટર બંધ રખાતા ગ્રાહકોને ધરમધક્કા થઈ રહ્યા છે.

● ચોખા ભરવાની સીઝન ચાલી રહી હોવાથી નગરજનો સારા છતાં સસ્તા ચોખા ખરીદવા વિવિધ સહકારી મંડળીઓના વિતરણ કેન્દ્રો પર ભીડ જમાવી રહ્યાં છે. જો કે ઉત્તરાયણ ઢનવી પેઢીના કિશોરો અને યુવાનોએ આવી પહેલ કરવા જેવી છે તેવું જાણીતા શિક્ષણવિદ્ ડૉ. સોમભાઈ પટેલે મંતવ્ય વ્યકત કર્યુ છે. ઢૂકડી હોવાથી ઘણા મધ્યમવર્ગીય પરિવારો પહેલા ઉત્તરાયણ ઉજવી લેવી કે પહેલા ચોખા ખરીદી લેવા તેની અવઢવમાં મુકાયા છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# બીબીએ કોલેજમાં રાજયકક્ષાનો 'આયના' સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો









ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં આવેલી બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન દ્વારા સતત ૧૬ વર્ષથી 'આયના' સાંસ્કૃતિક કાર્યક્રમનું ખુબ જ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષના કાર્યક્રમને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેકટર ડી.ટી. કાપડિયા સાહેબ દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો તેમજ સે-૨૩ કડી કેમ્પસના ડાયરેકટર સોમભાઈ પટેલ સાહેબની ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરૂઆત થઈ હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થાનો સમગ્ર કાર્યક્રમ થીમ આધારિત હતો. આ વર્ષની થીમ ભારતની સંસ્કૃતિને અનુરૂપ 'વસુધૈવ કુટુંબકમ્' હતી જેને અનુરૂપ સમગ્ર કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં વિવિધ ૮ સ્પર્ધાઓમાં ૩૦ શાળાના ૪૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

બીબીએ કોલેજ દર વર્ષે વિદ્યાર્થઓની આંતરિક શકિતઓને બહાર લાવવા માટે રાજય કક્ષાના સાંસ્કૃતિક કાર્યક્રમ 'આયના'નું આયોજન કરે છે જેનાથી તેમનો સર્વાંગી વિકાસ થાય સાથે સાથે તેમનામાં પડેલી આંતરિક શકિતઓને ખીલવવા માટેનું એક પ્લેટફોર્મ વિદ્યાર્થીઓને પુરું પાડી શકાય. કાર્યક્રમની સફળતા માટે છેલ્લા ૩૦ દિવસથી વિદ્યાર્થીઓ કાર્યમાં લાગી ગયા હતા. સમગ્ર રાજયમાંથી ૩૦ શાળાના ૪૫૦ વિદ્યાર્થીઓએ જુદી જુદી ૮ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આજના કાર્યક્રમમાં પાંચ શાળાના આચાર્યશ્રીઓ તેમજ સમગ્ર રાજયની વિવિધ શાળાના ૩૦ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના સેમેસ્ટર ૨, ૪ અને ૬ ના કુલ ૨૫૦ વિદ્યાર્થીઓએ વિવિધ કમિટિમાં રહી કાર્ય કર્યુ હતુ તેમજ કોલેજના ૧૩૦ વિદ્યાર્થીઓએ જુદ જુદી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેનાથી વિદ્યાર્થીઓને ઈવેન્ટ મેનેજમેન્ટના વિવિધ પાસાઓ શીખવાનો મોકો મળ્યો હતો. સમગ્ર ઈવેન્ટમાં શાળાના વિદ્યાર્થીઓને આમંત્રણ આપવાથી લઈ સંપૂર્ણ ઈવેન્ટનું સંચાલન કરવાનો મોકો મળ્યો હતો.

ગુજરાતની નામાંકિત કોલેજમાંની આ અંક અડર ગ્રેજયુએટ કોલેજ છે જયાં ૧૯૯૯થી એકેડેમીક કમ સાંસ્કૃતિક ઈવેન્ટનો ટ્રેન્ડ સેટ કરવામાં આવ્યો છે. સાંપ્રત સમયમાં અલગ અલગ કોલેજ દ્વારા આવા કાર્યક્રમની શરૂઆત થઈ રહી છે જે આવકારદાયક છે. પરંતુ ૧૫ વર્ષ સુધી સાતત્યપૂર્ણ તેમજ સફળતાપૂર્વક રાજયકક્ષાના કાર્યક્રમનું આયોજન કરવું તે વિદ્યાર્થીઓના તેમજ કોલેજના સ્ટાફના સહકાર વગર શકય નથી તેમ સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પુષ્ટિ દ્વારા જણાવવામાં આવ્યું છે. આ વર્ષે ૧૦ જેટલી અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન થયું હતું. જેમાં એક પાત્રીય અભિનય, ગૃપ ડાન્સ, શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, જીકે કિવઝ, સિંગિગ તેમજ ટ્રેઝર હંટ, મહેંદી, રંગોળી જેવી સ્પર્ધાઓ આયોજીત થઈ હતી જેમાં શાળા લેવલે કુલ ૪૦ વિદ્યાર્થીઓ વિજેતા જાહેર થયા હતા જયારે કોલેજના ૨૪ વિદ્યાર્થીઓને પ્રથમ તેમજ દ્વિતીય વિજેતા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. વિજેતા શાળાઓમાં આર.સી. પટેલ હાઈસ્કુલ, આર.જી. પટેલ હાઈસ્કૂલ, સી.એમ. પટેલ હાઈસ્કુલ, માઉન્ટ કાર્મેલ, પંચશીલ વિદ્યાલય, કેરેવન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ ઓમ લેન્ડમાર્ક સ્કુલ શકિત વિદ્યાલય, બળદેવભાઈ જોઈતારામ સ્કુલ (સ્કુમ) તથા સી.આઈ. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલના વિદ્યાર્થીઓ અલગ અલગ સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતિય ક્રમે રાજયકક્ષાના આ ૧૬માં 'આયના' કાર્યક્રમમાં ઝળકયા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ટ પુષ્ટી, ઓવરઓલ ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ 'આયના' આવેન્ટ ઈન્ચાર્જ ડૉ. નીરવ જોશી,મેગ્નેટ ઈવેન્ટ ઈન્ચાર્જ પ્રો. અમિતા પ્રજાપતિ અને સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

## દેશ ભકિતના ગીતોની સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૯

સેકટર-૩-ડી શ્રી રામેસવા ટ્રસ્ટ તથા મિત્ર મંડળના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૬મી જાન્યુઆરીને મંગળવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે દેશ ભકિતના ગીતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં અ વિભાગમાં ૮ થી ૧૫ વર્ષ સુધીના બાળકો તેમજ બ વિભાગમાં ૧૫ વર્ષથી વધુ ઉંમર ધરાવતા લોકો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા નગરજનોએ તા. ૨૩મી જાન્યુઆરી સુધીમાં ફોર્મ ભરી જમા કરાવવાના રહેશે. વધુ માહિતી મેળવવા આર.સી. પરમાર અને મોહનભાઈ સોલંકીનો સંપર્ક સાધવાનો રહેશે.



વાવોલ સ્થિત એમ.ડી. શાહ પ્રાથમિક શાળા ખાતે વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ૭૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે સરિફૂલ નિશા શેખ, નાજિયાબાનુ શેખ, સૃષ્ટિ સોલંકી વિજેતા બન્યા હતા તેમજ દ્વિતિય ક્રમે પાર્થ મિસ્ત્રી, રયાન શેખ, દીપ ભોજક, યુવરાજ ચૌહાણ, કૈફ શેખ વિજેતા થયા હતા. વિજેતા બનનાર તમામ વિદ્યાર્થીઓને શિક્ષક ગણ અને આચાર્યા એ અભિનંદન પાઠવ્યા હતા.

## દુઃખદ અવસાન

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામનાં કટલરીના વેપારી શ્રી રમેશભાઈ ભવાનજી અને શ્રી નરેશભાઈ ભવાનજી અને ગોવિંદજી ભવાનજીનાં પિતાશ્રી ભવાનજી માઘાજીનું તા. ૬-૧-૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જેનું બેસણું તા. ૧૧-૧-૨૦૧૬ને સોમવારે સવારે ૯.૦૦ થી૧૨.૦૦ સુધી શ્રી ચંચલેશ્વર મહાદેવ શિવધામ મોટી બજાર, પેથાપુર ખાતે રાખેલ છે.

## અહિંસક ઉત્તરાયણ ઉજવવાની પહેલ કરો : ડો. સોમભાઈ પટેલ

ગાંધીનગર, તા.૯

સેંકડો વર્ષોથી આપણે ઉત્તરાયણ ઉજવતા આવ્યા છીએ. આ બધા વર્ષો દરમિયાન દોરીથી કયાંક ગળુ કપાવાથી કેટલાક આકસ્મિક અપમૃત્યુ થયેલા આપણી જાણમાં છે.

કયાં સુધી આવી હિંસક ઉત્તરાયણ આપણે ઉજવ્યા કરીશું? પતંગ આકાશમાં ઉડે પણ દોરી વિના, એવી ઉત્તરાયણ શકય છે. પતંગની નીચે ગેસ ભરેલો ફુગ્ગો હોય પછી એ પતંગને આકાશ તરફ છોડી દો. આખું આકાશ અવનવા પતંગોથી છવાઈ જશે. તમારો પતંગ તમને આનંદ આપ્યા કરશે અને અહિંસક ઉત્તરાયણની મોજ માણો.

નવી પેઢીના કિશોરો અને યુવાનોએ આવી પહેલ કરવા જેવી છે તેવું જાણીતા શિક્ષણવિદ્ ડૉ. સોમભાઈ પટેલે મંતવ્ય વ્યકત કર્યુંછે. ગેસના ફુગ્ગાવાળા પતંગોનું મોડીફીકેશન ટેકનિશિયનો કરે અને વેપારીઓ તેના વેચાણની વ્યવસ્થા કરે તો હિંસક ઉત્તરાયણને અહિંસક ઉત્તરાયણમાં પલટાવી શકાય છે.

# સે-૫માં બપોરે દોઢ કલાક મકાન બંધ રહ્યું ને ઘરફોડ થઈ...!

## ધોળે દિવસે ત્રાટકેલા તસ્કરો મકાનનું તાળુ તોડી અંદરથી રૂ. ૫૦ હજાર રોકડા તથા સોનાની વીંટીઓ, ચેઈન અને બુટ્ટીઓ ઉઠાવી ગયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૫ ખાતે એક મકાન આજે બપોરના અરસામાં માંડ દોઢેક કલાક બંધ રહ્યું ત્યાં તેને ટાર્ગેટ બનાવીને તસ્કરો હાથફેરો કરી ગયા હોવાનો પોલીસને લલકારતો કિસ્સો બનવા પામ્યો છે. મકાનનું તાળુ તોડીને અંદર ઘુસેલા તસ્કરો રૂ. ૫૦ હજાર રોકડા તથા સોનાના દાગીના મળીને કુલ રૂ. ૧.૩૨ લાખની મત્તા ઉઠાવી રફફુચક્કર થઈ ગયા હતા. સે-૭ પોલીસે મકાન માલિકની ફરીયાદ લઈ ગુનાની તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેકટર-૫-બી પ્લોટ નં. ૬૧૦/૨ ખાતે રહેતા જગદીશસિંહ છોટુસિંહ સોલંકી આજે બપોરે સાડા બાર વાગ્યાના અરસામાં ડભોડા હનુમાનજી મંદિરે દર્શન કરવા ગયા હતા. તેમના પત્નિ સરોજબેન અને પુત્ર પુષ્પરાજસિંહ બંને સે-૨૧ શોપીંગ ખાતે ખરીદી કરવા ગયા હતા. સવા બે વાગ્યાના અરસામાં સરોજબેન અને દિકરો પુષ્પરાજસિંહ ઘરે આવ્યા ત્યાં સુધીના દોઢથી પોણા બે કલાકના સમયગાળા દરમિયાન તેમના બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો કળા કરી ગયા હતા. મકાનનું તાળુ તોડી અંદર ઘુસીને એક તિજોરી તથા બે કબાટ ફેંદીને તસ્કરો રૂ. ૫૦ હજાર રોકડા તથા ચાર નંગ સોનાની બુટ્ટી, બે સોનાની વીંટીઓ એક સોનાની પેન્ડલ વાળી ચેઈન અને એક સોનાનું પેન્ડલ મળીને કુલ રૂ. ૧,૩૨,૦૦૦ની મત્તાનો સામાન સાફ કરી ગયા હતા. જગદીશસિંહની ફરિયાદ લઈને સે-૭ પોલીસે દિવસની ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

## સુંદરધામ પરિવાર દ્વારા હનુમાનજી મંદિરના પ્રથમ પાટોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૯

સુંદરધામ પરિવાર દ્વારા રાંધેજામાં આવેલ કષ્ટભંજન ગોદડીયા હનુમાનજી મંદિરના પ્રથમ પાટોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ અંતર્ગત આગામી તા. ૧૫ થી ૨૩મી જાન્યુઆરી સુધી બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. યુવા કથાકાર શ્રી ગોસ્વામી સંજય ભારતી બાપુ પોતાની આગવી શૈલીમાં સંગીતમય રામકથા શ્રવણ કરાવશે. રામકથાની સાથે સાથે યજ્ઞ, સંતવાણી, લોકડાયરો, ગરબા, ભવ્ય પોથી યાત્રા, સંતોના આર્શીવચન સહિતના કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત દિલીપભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ અને આનંદના ગરબાનું પણ આયોજન કરાયું છે.

# શહેરમાં નીલ-ગાય અકસ્માતનું કારણ બને છે

ગાંધીનગર, તા.૯


ગાંધીનગર શહેરના શાંત, રમણીય અને હરીયાળા વાતાવરણમાં ઘણીવાર વાહનચાલકો માટે નીલ ગાય અકસ્માતનું કારણ બને છે. કેમ કે ગાંધીનગર શહેરના વિકાસની સાથે સાથે શહેરનો વિસ્તાર પણ ક્રમશઃ વિસ્તરતો ગયો જેથી વૃક્ષો કાપીને ત્યાં રહેઠાણ માટેની વસાહતો અને ઓફીસ બિલ્ડીંગ બનતી ગઈ. જેથી ઉપરોકત વિસ્તારમાં રહેતી નીલ ગાય શહેરના નવા બનેલા સેકટરોમાં ખાસ જોવા મળે છે.

શાંત સ્વભાવ ધરાવતી નીલ ગાયનો ખોરાક પાંદડા, બોર, મહુડાના ફુલ વગેરે છે. ખોરાકની શોધમાં નીલગાય આછા જંગલ અને ઘાસીયા વિસ્તારમાં જોવા મળે છે. નવા બનેલા સેકટરોમાં ખોરાક આસાનીથી મળી રહેતો હોવાથી ત્યાં નીલગાય જોવા મળે છે.

ભૂતકાળમાં અમદાવાદ ગાંધીનગર હાઈવે પર નીલ ગાયને કારણે ઘણા અકસ્માત થયેલ જોવા મળે છે. પરંતુ એમાં જવાબદાર પણ મહદઅંશે આપણે જ છીએ. કેમ કે તંત્ર દ્વારા એક માત્ર સાઈન બોર્ડ, નીલ ગાય પ્રભાવિત વિસ્તાર, વાહન સંભાળીનો ચલાવવું એ વન વિભાગનું એકમાત્ર સાઈન બોર્ડ ઈન્દ્રોડા નેચરલ પાર્કની સામેની બાજુમાં જોવા મળે છે.

જયારે ગયા વર્ષે વાયબ્રન્ટ મહોત્સવ પ્રસંગે અડાલજ થી ચ-૦ રોડની બંને બાજુએ લગાવેલા નીલ ગાય સંબંધી સાઈન બોર્ડ આજે એક પણ જોવા મળતા નથી તે સાઈન બોર્ડની જગ્યાએ નવી સ્કીમ, બિલ્ડીંગની જાહેરાતના બોર્ડની ભરમાર જોવા મળે છે.

જયો ૨ થી ૮ ઓકટોબર ૨૦૧૫, વનજીવન સંરક્ષણ સપ્તાહના બોર્ડ શહેરની ફરતે વન વિભાગ તરફથી લગાડવામાં આવ્યા છે તે પગલુ સરાહનીય છે પરંતુ વર્ષ પહેલા લગાડેલા નીલ ગાય સંબંધી સાઈન બોર્ડ (સેવ વાઈલ્ડ લાઈફ) આજે ભાગ્યે જ જોવા મળે છે.






જો તંત્ર દ્વારા ફરીથી આવા સાઈન બોર્ડ એલસીડી લાઈટ સાથે લગાડવામાં આવે તો વાહનચાલકો સાથે સાથે આપણે નીલ ગાયને પણ બચાવી શકીએ અને અકસ્માતનું પ્રમાણ ઘટે.

પૃથ્વી ઉપર ઈકોબાયોલોજીકલ બેલેન્સ મેઈનટેઈન કરવા માટે મનુષ્ય ઉપરાંત પશુ પક્ષીઓનો પણ મહત્વનો ફાળો છે જેથી મનુષ્ય જેટલો જ જીવન જીવવાનો અધિકાર પશુ-પંખીનો છે એ આપણે ન જ ભુલવું જોઈએ.

આવો, નવા વર્ષે સાથે મળીને સંકલ્પ કરીએ, વાહન ધીમેથી સંભાળીને ચલાવીશું, કેમ કે આપણી જીંદગી આપણા માટે તો કિંમતી છે જ પરંતુ આપણા કુટુંબ માટે વિશેષ મુલ્યવાન છે.



વિદ્યાભારતી પ્રશિક્ષણ સંચાલિત શ્રી સરસ્વતી શીશુવાટિકા અને શ્રી સરસ્વતી વિદ્યામંદિર દ્વારા બાળકો સાથે પોટલી ભોજન સાથે પ્રકૃતિ ભ્રમણનો કાર્યક્રમ ઈન્દ્રોડા પ્રાકૃતિક ઉદ્યાન ખાતે તા.૭.૧.૧૬ ના રોજ યોજાયો હતો. ઘરેથી થેપલા અને ગોળ લઈ આવેલા બાળકો પ્રાકૃતિક ઉદ્યાનમાં ફરી વન્ય પ્રાણીઓ અને પક્ષીઓ જોઈ આનંદવિભોર બન્યા હતા અને ત્યાર બાદ ભોજન મંત્ર બોલી સમૂહ ભોજનનો આનંદ માણ્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ કાન્તીભાઈ સોમાભાઈ, ઉ.વ. ૭૮
- સ્વ. ચાવડા દિનેશકુમાર અર્જુનસિંહ, ઉ.વ. ૩૫
- સ્વ. વાઘેલા લીલાબા રણજીતસિંહ, ઉ.વ. ૫૫
- સ્વ. રૂખીબેન હરજીવનદાસ પ્રજાપતિ, ઉ.વ. ૯૦